**ફોજદારી પર. અરજી નં.૯૦૦/૨૦૧૫**

**<u>-: આંક-૧ નીચે હુકમ :-</u>**

હાલની આ ફરિયાદ ફરિયાદી ધ્વારા આ કોર્ટમાં નામ. સુપ્રિમ કોર્ટના દશરથસિંહ રૂપસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદા અનુસંધાને અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં જયુરીડીકશન તેમજ પરત કરેલ કેસો અંગે નવો સુધારો તા.૧૫/૬/૨૦૧૫ ના રોજ અમલમાં આવેલ તે અન્વયે આ કામના ફરિયાદી ધ્વારા આ ફરિયાદ તેઓને પરત કરી નવા સુધારા મુજબ હકુમત ધરાવતી અદાલતમાં દાખલ કરવા પરત કરવા અરજી કરેલ છે. જે અનુસંધાને ફરિયાદપક્ષને સાંભળ્યા તેમજ સુધારેલ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૨(૨)(એ) જોગવાઈ ધ્યાને લઈ મારા પુરોગામી જજ સાહેબશ્રીએ નવા સુધારા મુજબ  કલમ-૧૪૨(૨)(એ) મુજબ ફરિયાદ હકુમત ધરાવતી કોર્ટમાં દાખલ કરવા પરત સોપવનો હુકમ તા.૧/૩/૧૭ ના રોજ કરેલ હતો. ત્યારબાદ આ કામે આંક-૧ ના હુકમ મુજબ રિસ્ટોર થઈને ફરીથી જુના નંબરથી રજીસ્ટરે લેવાનો હુકમ થયેલ છે. પરંતુ ઉપરોકત નવા સુધારા મુજબ  કલમ-૧૪૨(૨)(એ) હુકમ મુજબ આ ફરિયાદ ફરીથી હકુમત ધરાવતી કોર્ટમાં દાખલ કરવા પરત સોંપવી ન્યાયોચીત જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>-::  હુ ક મ::-</u>**

હાલની ડીલે અરજી તથા ફરિયાદ સક્ષમ હકુમત ધરાવતી કોર્ટમાં રજુ કરવા અર્થે ડીલે અરજી તથા ફરિયાદ તથા દસ્તાવેજી પુરાવાની ખરી નકલ રજુ કર્યેથી ફરિયાદીને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૯/૦૩/૨૦૧૯ ના ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ<br>
તા.૦૯/૦૩/૨૦૧૯

**(એન.એચ.વસવેલીયા)**<br>
ચોથા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ<br>
**રાજકોટ**<br>
**(UIC-GJ-00761 )**